રજુ તારીખ : ૦૪/૦૬/૨૦૨૪

દાખલ તારીખ : ૦૪/૦૬/૨૦૨૪

ફેસલ તારીખ : ૦૧/૦૭/૨૦૨૬

અવધિ : ૦૨ વર્ષ ૦૦ માસ ૨૭ દિવસ

==========================================

**આંકલાવ મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : આંકલાવ.**

==========================================

**ફો. કેસ નં.૪૦૩/૨૦૨૪**
**આંક :– ૧૫**

**ફરીયાદી : શ્રી સ ર કા ર**

**:: વિરુધ્ધ ::**

**આરોપી : વિજયભાઈ ચંદુભાઈ પઢીયાર**
રહે.અંબાવ ચારીયાના કુવા પાસે,
તા.આંકલાવ,જી.આણંદ

==========================================

**ગુન્હો : ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબ.**

==========================================

**સરકાર તર્ફે : વિ.એ.પી.પી. શ્રી એસ.કે.રાવલ**
**આરોપી તર્ફે : વિ.વકીલ શ્રી એસ.આર.પરમાર**

==========================================

**<u>–: ઠ રા વ :–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૧/૨૦૨૪ ના રોજ કલાક ૦૭/૦૦ વાગે મોજે અંબાવ ચારીયાના કુવા સામે પોતાની મો.સાયકલ નં.જી.જે.૨૩.બી.એફ.૪૮૩૧ ની પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરીયાદીના પૌત્રી વિધ્યા ઉ.વ.૦૮ નાને પાછળથી

અથડાવી શરીરે વતાઓછા પ્રમાણમાં ઈજાઓ કરી ડાબા પગે ફેકચર કરી ગુનો કરેલ હોય, ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો નોંધેલ અને તપાસના અંતે ત.ક.અ.એ આ અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલિસ તપાસનાં કાગળોની નકલો વિના–મુલ્યે પુરી પાડવામાં આવેલી. આક્ષેપિત ગુના અંગે આરોપીની આંક–૦૩ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા, આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે સદરહું ઈન્સાફી કાર્યવાહીમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**(અ) મૌખિક પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી મનુભાઈ રણછોડભાઈ પઢીયારની સોગંદ ઉપરની જુબાની | ૦૫ |
| ૨. | સાહેદ જીતેન્દ્રભાઈ મનુભાઈ પઢીયારની સોગંદ ઉપરની જુબાની | ૦૭ |
| ૩. | સાહેદ ભાવનાબેન જીતેન્દ્રભાઈ પઢીયારની સોગંદ ઉપરની જુબાની | ૦૮ |
| ૪. | સાહેદ રાવજીભાઈ સોમાભાઈ પઢીયારની સોગંદ ઉપરની જુબાની | ૧૨ |

**(બ) દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૦૬ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૯ |
| ૩. | વિધ્યાબેનના સારવાર સર્ટીફીકેટો | ૧૦, ૧૧ |

(૪) સદરહું કામે રેકર્ડ ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ તરફે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરવા બાબતે આંક–૧૩ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરેલ છે. ક્રિમીનલ પ્રોસીઝર

કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ નહિં આવતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪.૧) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.કે.રાવલ નાઓની દલીલો સાંભળી તથા આરોપી પક્ષના વિ.વ.શ્રી એસ.આર.પરમાર નાઓની દલીલો સાંભળવામાં આવેલ.

(૫) ઉપરોકત હકીકતે કેસના ન્યાયીક નિર્ણય અને નિકાલ સારૂં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**:: મુ દ્દા ઓ ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૧/૨૦૨૪ ના રોજ કલાક ૦૭/૦૦ વાગે મોજે અંબાવ ચારીયાના કુવા સામે પોતાની મો.સાયકલ નં.જી.જે.૨૩.બી.એફ.૪૮૩૧ ની પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરીયાદીના પૌત્રી વિધ્યા ઉ.વ.૦૮ નાને પાછળથી અથડાવી શરીરે વતાઓછા પ્રમાણમાં ઈજાઓ કરી ડાબા પગે ફેકચર કરી ગુનો કરેલ હોય, ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

- **<u>મુદ્દા નં.૧ અને ૨ :–</u>**

(૭) સદરહું કામે આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંક

પણે પુરવાર કરવાનો હોય છે અને જ્યાં સુધી આરોપી સામે ગુનો નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વધુમાં ફરીયાદ પક્ષ આરોપી સામે જે આક્ષેપો સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપો ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી નિ:શંકપણે સાબિત કરવા જોઈએ.

(૮) સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, ફરીયાદપક્ષ તરફે આંક–૦૫ થી ફરીયાદી મનુભાઈ રણછોડભાઈ પઢીયાર નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન જણાવેલ છે કે,''બનાવ આજથી આશરે એક દોઢ વર્ષ પહેલા સાંજના ૭ થી ૮ વાગ્યાના સમયમાં અંબાવ અમારા ઘર નજીક બનેલો. બનાવમાં હું ઘરે હતો જીતેન્દ્રની દીકરી વિધા તેના માસી ગીતાબેનના ઘરે જતી હતી તે વખતે એક મો.સા ચાલકે તેને ટકકર મારી પાડી દેતા વિધાને ડાબા પગે અને શરીરે ઈજાઓ થયેલી અને ડાબા પગે ફેકચર થયેલુ જેથી વિધાને પ્રથમ બોરસદ મારૂતી હોસ્પીટલ અને ત્યાંથી ધર્મજ ડો.રાઠી ઓર્થોપેડીક હોસ્પીટલમાં લઈ ગયેલા અને વિધાનું ઓપરેશન કરેલ ત્યારબાદ આ બાબતે અમોએ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. મને ફરીયાદ બતાવાવમાં આવે છે તેમાં મારી સહી હું ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક–૦૬ આપવામાં આવે છે. અકસ્માત કરનાર વાહનનો નંબર મને ખબર નથી કે મે જોયેલ નથી કે મને કોઈએ જણાવેલ નથી. આરોપીને જોયે ઓળખી શકુ નહી.''

(૮.૧) તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે પણ સદરહું ફરીયાદીએ ફરીયાદપક્ષને સમર્થન કારક હકીકતો જણાવેલ નથી.

(૮.૨) સદર ફરીયાદીની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે અકસ્માત કરનાર વાહનનો નંબર મે જોયેલ નથી. એ વાત ખરી છે કે અકસ્માતવાળા સ્થળે ઘણાબધા વાહનોની અવર જવર રહે છે. એ

વાત ખરી છે કે રાત્રીનો સમય હોય આરોપીને જોયેલ નથી તેમજ કહેવાતો બનાવ કોની બેદરકારીથી બનેલો તે હું કહી શકુ નહી.''

(૯) ફરીયાદપક્ષ તરફે આંક–૦૭ થી સાહેદ જીતેન્દ્રભાઈ મનભુાઈ પઢીયાર નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન તેઓએ જણાવેલ છે કે,''બનાવ આજથી આશરે એક દોઢ વર્ષ પહેલા સાંજના ૭ થી ૮ વાગ્યાના સમયમાં અંબાવ અમારા ઘર નજીક બનેલો. બનાવમાં હું ઘરે હતો મારી દીકરી વિધા તેના માસી ગીતાબેનના ઘરે જતી હતી તે વખતે એક મો.સા ચાલકે તેને ટકકર મારી પાડી દેતા વિધાને ડાબા પગે અને શરીરે ઈજાઓ થયેલી અને ડાબા પગે ફેકચર થયેલુ જેથી વિધાને પ્રથમ બોરસદ મારૂતી હોસ્પીટલ અને ત્યાંથી ધર્મજ ડો.રાઠી ઓર્થોપેડીક હોસ્પીટલમાં લઈ ગયેલા અને વિધાનું ઓપરેશન કરેલ ત્યારબાદ આ બાબતે મારા પિતા મનુભાઈ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો. અકસ્માત કરનાર વાહનનો નંબર મને ખબર નથી કે મે જોયેલ નથી કે મને કોઈએ જણાવેલ નથી. આરોપીને જોયે ઓળખી શકુ નહી.''

(૯.૧) તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે પણ સદરહું સાહેદે ફરીયાદપક્ષને સમર્થન કારક હકીકતો જણાવેલ નથી.

(૯.૨) સદર સાહેદની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે અકસ્માત કરનાર વાહનનો નંબર મે જોયેલ નથી. એ વાત ખરી છે કે અકસ્માતવાળા સ્થળે ઘણાબધા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે રાત્રીનો સમય હોય આરોપીને જોયેલ નથી તેમજ કહેવાતો બનાવ કોની બેદરકારીથી બનેલો તે હું કહી શકુ નહી.''

(૧૦) ફરીયાદપક્ષ તરફે આંક–૦૮ થી સાહેદ ભાવનાબેન જીતેન્દ્રભાઈ પઢીયાર નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ

સરતપાસ દરમ્યાન તેઓએ જણાવેલ છે કે,''બનાવ આજથી આશરે એક દોઢ વર્ષ પહેલા સાંજના ૭ થી ૮ વાગ્યાના સમયમાં અંબાવ અમારા ઘર નજીક બનેલો. બનાવમાં હું ઘરે હતો મારી દીકરી વિધા મારી બેન ગીતાબેનના ઘરે જતી હતી તે વખતે એક મો.સા ચાલકે તેને ટકકર મારી પાડી દેતા વિધાને ડાબા પગે અને શરીરે ઈજાઓ થયેલી અને ડાબા પગે ફ્રેકચર થયેલુ જેથી વિધાને પ્રથમ બોરસદ મારૂતી હોસ્પીટલ અને ત્યાંથી ધર્મજ ડો.રાઠી ઓર્થોપેડીક હોસ્પીટલમાં લઈ ગયેલા અને વિધાનું ઓપરેશન કરેલ ત્યારબાદ આ બાબતે મારા સસરા મનુભાઈ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો. અકસ્માત કરનાર વાહનનો નંબર મને ખબર નથી કે મે જોયેલ નથી કે મને કોઈએ જણાવેલ નથી. આરોપીને જોયે ઓળખી શકુ નહી.''

**(૧૦.૧)** તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે પણ સદરહું સાહેદે ફરીયાદપક્ષને સમર્થન કારક હકીકતો જણાવેલ નથી.

**(૧૦.૨)** સદર સાહેદની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે અકસ્માત કરનાર વાહનનો નંબર મે જોયેલ નથી. એ વાત ખરી છે કે અકસ્માતવાળા સ્થળે ઘણાબધા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે રાત્રીનો સમય હોય આરોપીને જોયેલ નથી તેમજ કહેવાતો બનાવ કોની બેદરકારીથી બનેલો તે હું કહી શકુ નહી.''

**(૧૧)** ફરીયાદપક્ષ તરફે આંક–૧૨ થી સાહેદ રાવજીભાઈ સોમાભાઈ પઢીયાર નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન તેઓએ જણાવેલ છે કે,''બનાવ આજથી આશરે એક દોઢ વર્ષ પહેલા સાંજના ૭ થી ૮ વાગ્યાના સમયમાં અંબાવ અમારા ઘર નજીક બનેલો. બનાવમાં હું ઘરે હતો જીતેન્દ્રભાઈની દીકરી વિધા તેના માસી ગીતાબેનના ઘરે જતી હતી તે વખતે એક મો.સા ચાલકે તેને ટકકર મારી પાડી દેતા વિધાને ડાબા પગે અને શરીરે ઈજાઓ થયેલી અને ડાબા પગે ફેકચર થયેલુ જેથી વિધાને પ્રથમ બોરસદ મારૂતી

હોસ્પીટલ અને ત્યાંથી ધર્મજ ડો.રાઠી ઓર્થોપેડીક હોસ્પીટલમાં લઈ ગયેલા અને વિધાનું ઓપરેશન કરેલ ત્યારબાદ આ બાબતે મનુભાઈએ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો. અકસ્માત કરનાર વાહનનો નંબર મને ખબર નથી કે મે જોયેલ નથી કે મને કોઈએ જણાવેલ નથી. આરોપીને જોયે ઓળખી શકુ નહી.''

(૧૧.૧) તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે પણ સદરહું સાહેદે ફરીયાદપક્ષને સમર્થન કારક હકીકતો જણાવેલ નથી.

(૧૧.૨) સદર સાહેદની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન જણાવેલ છે કે,'' એ વાત ખરી છે કે અકસ્માત કરનાર વાહનનો નંબર મે જોયેલ નથી. એ વાત ખરી છે કે અકસ્માતવાળા સ્થળે ઘણાબધા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે રાત્રીનો સમય હોય આરોપીને જોયેલ નથી તેમજ કહેવાતો બનાવ કોની બેદરકારી થી બનેલો તે હું કહી શકુ નહી.''

(૧૨) આમ, ફરીયાદપક્ષ તરફે ઉપરોકત તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોની સોગંદ ઉપરની જુબાનીનું સંયુકત રીતે મુલ્યાંકન કરીએ તો, તેઓની સર–તપાસ દરમ્યાન જણાવ્યા મુજબ મો.સાઈકલ ચાલકે ટકકર મારતા વિધાને ડાબા પગે અને શરીરે ઈજા થયેલ હોવાનું જણાવેલ છે, પરંતુ અકસ્માત કરનાર વાહનનો નંબર તેઓને ખબર નથી કે તેઓએ જોયેલ નથી કે તેઓને કોઈએ જણાવેલનથી તેમજ આરોપીને જોયે ઓળખી શકતા ન હોવાનું જણાવેલ છે. તેઓની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન એ હકીકત સ્વીકારેલ છે કે, અકસ્માત કરનાર વાહનનો નંબર તેઓએ જોયેલ નથી. એ હકીકત સ્વીકારેલ છે કે, અકસ્માતવાળા સ્થળે ઘણા બધા વાહનોની અવર જવર રહે છે. એ હકીકત સ્વીકારેલ છે કે, રાત્રીનો સમય હોય આરોપીને જોયેલ નથી તેમજ કહેવાતો બનાવ કોની બેદરકારીથી બનેલો તે તેઓ કહી શકે નહીં. આમ, સદરહું ફરીયાદી તથા સાહેદોની સમગ્ર

જુબાની લક્ષમાં લઈ સંયુકત રીતે મુલ્યાંકન કરતાં, હાલના કામના આરોપીને આક્ષેપિત ગુન્હામાં સાંકળતો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૨.૧) વિશેષમાં વિશેષમાં ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ આંક–૦૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક–૧૦, ૧૧ થી સારવાર સર્ટિફીકેટો રજુ કરવામાં આવેલ છે. જે તમામ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં, અકસ્માત થતા અકસ્માતમાં વિદ્યાબેનને ઈજા થયેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષે પુરવાર કરેલ છે જેથી તે સંબંધે કોઈ તકરાર નથી પરંતુ માત્ર બનાવ બન્યો છે તે આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહીં. બનાવ સમયે આરોપી જ પોતાના કબજાવાળું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા હોય તેવું ફરીયાદપક્ષે રજુ કરેલ ઉપરોકત તમામ પુરાવાને ધ્યાને લેતાં રેકર્ડ ઉપર ફલિત થતું ન હોવાથી આરોપી ધ્વારા પોતાના કબજાવાળું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા હોય તેવું માની શકાય તેમ નથી અને શંકાસ્પદ જણાઈ આવે છે. આમ, હાલના કામના આરોપીની બેદરકારીના કારણે હાલનો અકસ્માત બનેલ હોવા અંગે ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉભી થાય છે.

(૧૩) આમ, ફરિયાદ પક્ષ તરફે રજૂ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, હાલના કામે ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો કરેલ હોવાનું ફરીયાદપક્ષ તરફે પુરવાર થયેલ ન હોય, તે સંજોગોમાં આરોપીને ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ અન્વયેના આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો સ્પષ્ટ અને સચોટ પુરાવો ફરીયાદપક્ષ ધ્વારા રેકર્ડ પર આવેલ નથી.

(૧૪) આમ, ફરીયાદ પક્ષ તરફે રજૂ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આંક–૦૫ થી ફરીયાદીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, પરંતુ તેઓની જુબાની અન્વયે આંક–૦૬ થી રજૂ ફરીયાદની હકીકતો નિ:શંકપણે પુરવાર થતી ન હોય, ફરીયાદીની સોગંદ ઉપરની જુબાની તેમજ હાલના કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદોની સોગંદ ઉપરની જુબાનીનું મુલ્યાંકન કરતાં,

ફરીયાદપક્ષના કેસ મુજબ આક્ષેપિત ગુના અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો સબળ પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ન હોય, સદરહું કામે ફરીયાદીની જુબાની દરમ્યાન અકસ્માતમાં સંડોવાયેલ વાહન ચાલકનું નામ રેકર્ડ ઉપર આવેલ ન હોય કે આરોપીની બેદરકારીને લીધે અકસ્માતવાળો બનાવ બનેલ હોવાનું પુરવાર થયેલ ન હોય ત્યારે હાલના કામના આરોપીને તેમની વિરૂધ્ધના આક્ષેપિત ગુન્હા અન્વયે તકસીરવાન ઠરાવી શકાય તેવો સબળ પુરાવો રજૂ થયેલ નથી. હાલના કામે અકસ્માતવાળા બનાવમાં આરોપીની ઓળખ પણ રેકર્ડ ઉપર પુરવાર થતી નથી. અત્રે એ નોંધ લેવી ઘટે કે, હાલના કામે અકસ્માત વાળા વાહનના ડ્રાઈવરની ઓળખ તથા બેદરકારી સાબિત થવી જોઈએ, જો વાહનની ઓળખ સાબિત થાય અને ડ્રાઈવરની ઓળખ કે બેદરકારી સાબિત ન થાય તો તકસીરવાન ઠરાવી શકાય નહી. તેમજ જો ડ્રાઈવરની ઓળખ પણ સાબિત થાય પરંતુ ડ્રાઈવરની બેદરકારી સાબિત ન થાય તો પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. તેવા સંજોગોમાં ઉપરોકત સદરહું કામે ફરીયાદ પક્ષે રજૂ કરેલ તમામ પુરાવાઓનું કરવામાં આવેલ મુલ્યાંકન તથા ઉપરોકત ચર્ચા લક્ષમાં લેતાં, આરોપીને આક્ષેપિત ગુન્હા અન્વયે તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી ત્યારે આરોપી વિરૂધ્ધના ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હાના આનુષાંગિક તત્વો ફરિયાદ પક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૧૫) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ હોય, ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંતો પ્રમાણે ફરીયાદ પક્ષ તરફે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે, જો ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો આરોપીને સજા કરી શકાય નહી. સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે રજુ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું કરવામાં આવેલ મુલ્યાંકન લક્ષમાં લેતાં, આરોપી વિરૂધ્ધના આક્ષેપીત ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, આ સંજોગોમાં આરોપી સામે

મુકવામાં આવેલ આક્ષેપિત ગુના ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) સદરહું કામના આરોપી વિજયભાઈ ચંદુભાઈ પઢીયાર, રહે.અંબાવ ચારીયાના કુવા પાસે, તા.આંકલાવ,જી.આણંદ નાઓને ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટ ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહુ કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૪૩૭ એ મુજબ અપીલ સમયગાળા માટે રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજરોજ તારીખ : ૦૧, માહે : જુલાઈ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : આંકલાવ.**
**તા.૦૧/૦૭/૨૦૨૬**

**(એ.બી.સિંઘવી)**
**જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, આંકલાવ**
**જજ કોડ જી.જે.૦૧૫૮૬**

(M.M.Pathan)
Stenographer